औखाहरणनो

ગાયનરૂપી ઓપેરા.

રચનાર,

ડા૦ દામોદર રતનસી સોમાણી.

મુંબઈ:

સુબોધપ્રકાશ છાપખાનામાં છાપ્યું.

સંવત ૧૯૪૦. સને ૧૮૮૪.

કિંમત ૧ આનો.

औखाहरणनो

સારી ચાહ, સસ્તો ભાવ.

ચીનાઈ.

	કિમ્મત રતલના રૂ.	આ
ફ્લાવર પીકુ નંબર ૧	૨	૦
ફ્લાવર પીકુ ,, ૨	૧	૮
સુંદર ચીનાઈ શેજ પીઆગ	૧	૦
સુપરફાઈન શેજ પીઆંગ	૦	૧૪
ફ્લાવરી ઓરેંજ પીકુ	૦	૧૪ [?]
ફાઈનેસ્ટ સીલેક્ટેડ ઓરેંજ પીકુ	૦	૧૨
ઇમ્પીરિયલ ફેસી કોંગો	૦	૧૨ [?]
,, ફેસી કોંગો	૦	૧૦
કોંગો	૦	૬

હીંદુસ્થાની ચાહ.

	રૂ.	આ
કાંગાવેલી ફ્લાવર પીકુ	૧	૮
કાંગાવેલી ઓરેન્જ ફાઈન ઓરેંજ પીકુ	૧	૪
કાંગાવેલી ઓરેન્જ ફાઈન પીકુ	૧	૨
દામોદર મીક્સચર	૧	૨
ગાયલ ફેમેલી મીક્સચર	૧	૦
કાંગાવેલી પીકુ સાચાંગ	૧	૦
કાંગાવેલી સાચાંગ	૦	૧૨
ક્રિશ્ચન કોંગો	૦	૧૦
બ્રોકન મીક્સચર	૦	૧૦
સીલોનમાં કરેલી મુંબાઈ કારી રતલ ૧ ના.	૦	૧૦

[illegible]માં વાપરવા લાયક બતી ઉપર ચાહ કરવાના ફાનસો.

२०७८

ओखाहरणनो ओपेरा.

પ્રવેશ ૧ લો. સ્થળ રસ્તો.

सखीयोसहित ओखा गाती गाती आवे छे.

ઓખાહરણની ઢાળે

ચાલો ચાલો બેની આજ જઇએ, ભેટ માતા તણી પ્રીતે લઇએ :
અક્ષત ચંદન કુમકુમ લઇને, પાસે માતા તણી પ્રીતે જઈને.
પુજન કરશું આપણુ પુરી પ્રીતે, હરખે ગવરી ચતી એવી રીતે ;
પછી માતા ચરણુ શીશ નામી, માગું મન ગમતો રે હું સ્વામી.

(જાય છે.)

પ્રવેશ ૨ જો. માતાનું મંદિર.

ओखा सखीओसाहित प्रवेश करी यथावीधि पार्वतीनुं पुजन करीने.

ગરબી.

માની લેજો માતાજી પુજન અમારૂં; કરીને ક્ષમા ચુક બાળની રે;
પુરણુ પ્રીતે માતા જાચવાં આવ્યા, વર દઇ દુખડાં ટાળની રે.

पार्वती—કોઈ ચઢાવે ધનુષબાણ—(એ રાગ.)

માગી લે તું પુત્રી મારી હોય આશ તારી;
આપીને ઇચ્છીત ફળ દઉ તને હું તારી.

ओखा— હોરી.

મા માગું સહાય તારી, ઈચ્છા છે રે જે મારી—મા.
આપ મને તું રૂપે અતી સુંદર, સ્વામી રૂડો ધૈર્યધારી,
એટલી અરજ આજ પુરી કરોને, જાણી આપ બલહારી;
પુત્રી છણી હું તમારી.—મા માગું.

पार्वती— ગરબી.

મળશે મળશે મળશે રે પુત્રી સ્વામી સુશોભિત મળશે.
વૈશાક શુદ દ્વાદશીને દીવશે, સ્વપ્નીશે તને છળશેરે.—પુ.

सर्वे साथे— સાખી મરાઠી ચાલની.

અમપર આજે કૃપા કરીને કર્યા અતુલ ઉપકારી,
હવે માત જાવા નીજધામે રજા માગીએ તારી. (જાયછે.)

પ્રવેશ ૩ જો. શાહેરનો રસ્તો.

(બાણાસુર કોભાંડ સાથે આવે છે.)

बाणासुर— બેત.

બસ બસ ઓખાને કરવી જોશે કેદ, એ વાતમાં છે મારી હાનીનો ભેદ.
માગ્યોછે ગવરીપાસે તેણે જે વર. તેજ વરથી જ્યારે મારા છેદાવાના કર.
ત્યારે શું કામનું એ પુત્રીનું લગન, કે જેથી ઉપજે તેમાં પીતાને વાઘન.
માટે સાગર તીરે કરી એકાન્ત વાસ,
તેમાં જઈ કરાવો સત્વર ઓખાનો નિવાસ;

कौभांड— બહુ સારું મહારાજ જેવો આપનો વીચાર,
તેમજ હું જઈને કરું સરવે તઇયાર.

પ્રવેશ ૪ થો. ઓખાનો મેહેલ.

ओखा— ગજલ.

અરી તાત તું થઇને અરે, પીઉ સંગ તે ન મેલાવે કાં;
કામ અગ્નીથી રે! બળી જતાં, પ્રભુ મુજને કો ન બચાવે કાં. અરી.
સમાન સહિઅર મુજતણી; દેખી આવતા પતી નીજ ભણી;
ખેંચે કોર કટાક્ષે ઘુંઘટ તણી, તેવા દીન પ્રભુ તે ન આપ્યા કાં. અરી.
શણગાર સજીને સંચરે, ફેરા ચોરીના પીયુ સંગ ફરે;
આનંદથી પીયુને મળે, તેવા ભાગ્ય મારા થયા ન કાં. અરી
પકવાન વિધ વિધના કરે, અતી આદરે પીયુને ધરે;
પંખો સમક્ષ રહી કરે, તેવું સુખ મુજને મળે ન કાં. અરી.
અગ્ની વેહની થાય છે, જેમાં જોબનયું રે તવાય છે;
રોમ રોમ વેદના થાય છે, તોય પ્રાણ પાપી ન જાય કાં. અરી.

(સુઇ જાય છે.)

(અનીરૂધવિશેનું સ્વપનું આવવાથી એકાએક જાગીને.)

ओखा— રાગ ઇન્દ્રસભા.

આવો આવો આવો પીઉ, મુજને કરો શાંત;
બીડી માટે રીસ કરી, ક્યાં ગયા એકાંત.
એવું જાણ્યું હોત તો પ્રથમ કેહેત નહીં નાથ;
પરમ પ્રીયા મુજપતી સંતાઇ ગયા ક્યાંય.
સંતાયા ત્યાં કેમ પીઉ, આવો જલદી બહાર;
બી મરૂં હું એકલી, નહીં લગાડો વાર.

મસ્કરી મન તમ તણે, જીવ મારો જાય;
કૃપા કરી મુજ ઉપરે, દાસીની કરો સહાય.
હાંશી છે મન તમ તણે, થાય મને બહુ હાણ.
દર્શણ નહી જો દો તમે તો, કાડીશ મારા પ્રાણ.

(ચિત્રલેહા પ્રવેશ કરે છે.)

चित्रलेहा—અરે લાલદેવ ઈસતરફ જલ્દ આ.—(એ રાગ.)

અરે બાઇ તું કેમ થઇ વ્યાકુળી,
શુધ બુધ શરીરની તું ગઇ કયાં ભુલી;
ન સમજાય એવું લવે છે તું શું,
એકાએક બેની તુજને આ શું થયું.

ओखा— લલીત.

અરર હાયરે પ્રાણ જાયરે, સુખ સદા ગયું અરર હાયરે,
કર્મ ફુટીયું શું અરે થયું, સ્વપ્નમાંય તો સર્વરે ગયું;
બેની વાત હું કહું છું વરણી, સ્વપ્નમાંય તો હુંજ પરણી.
તેનાજ કંઠમાં નાખી હાથરે, બીડીને માટે રીશાણા નાથરે;
રીશ તો કરી ક્રોધાંધ તે થયા, બેની મારી એ કયાંયરે ગયા.

રાગ ઈન્દ્રસભા.

સાંભળ વાત બેની કહું, સ્વપ્ન આવ્યું આજ;
સ્વામી મુજને તો મળ્યો, જોબનવંતો રાજ.
પરણી સાથે તેમની, હું રાખી પુરણ પ્રેમ;
બીડી ન ખાધી મુખતણી, રીશાઈ ગયા એમ.

चित्रलेहा— રાગ ઉપર પ્રમાણે.

સ્વામી સ્વામી કરતી સુતી, સ્વપ્ન આવ્યું તેહ;
પણ સાચું હું દઉં કરી, તો મેળવું તુજને એહ.
ચિત્ર બતાવું તુજને, જે પૃથ્વિના રાજન;
લાવું છું હું આ ઘડી, દેખાડું તુજ સ્વામીન.

(ચિત્ર લેવા જાય છે.)

ओखा— રાગ પરજની-ઠુમરી.

તારી પ્રીતની લેહ મને લાગી;—બે વાર.
ક્યાં ગયો પીયુ ક્યાં ગઈ ચિત્રલેહા;
પ્રીતને બદલે શોકમાં પડીયાં.—પ્રીતની.
શું કરૂં પીયુ જાઊં ક્યાં હવે;
જીવવું જેમ જળવીનાં મછલીયાં.—પ્રીતની.

(મુર્છા ખાય છે.)

चित्रलेहा—(હાથમાં છબીઓ લાવી તેને સાવધ કરતા.)

રાગ ઈન્દ્રસભા.

થા બેની હુશીયાર હવે. ચિત્ર જોને તું;
દે બતાવી પીયુ તારો, લાવી આપું હું.

(એક ચિત્ર ઓખાને આપે છે.)

ओखा— રાગ ઉપર પ્રમાણે.

દીસે છે આ દબડો જેવો, જાણે રાની ભુંડ;
માથું એનું ઘડા જેવું, હાથ જાણે સુંઢ.

(છબી પાછી આપે છે એટલે ચિત્રલેહા બીજી આપેછે.)

ओखा—દીસે છે આ કેવો સુંદર, રૂડો આ હુશીયાર;
આયુધ અંગ સજી કરી, લડવાને છે તૈયાર.
જોઇ સુંદર સ્વરૂપ એનું, મન સૌનું મોહાય;
તોય એની મુજ પીયુ સમ, તે કદી ન થાય.

(તે ચિત્ર પાછું આપે છે એટલે ચિત્રલેહા અનીરૂધનું ચિત્ર આપેછે.)

ओखा—ગરહુમને દીલ સનમકુ દીઆ.—(એ રાગ.)
અરે મારા પ્યારા પતી તું ગયો તો ક્યાં;
તું ગયો તો ક્યાં પીયુ તું ગયો તો ક્યાં;
મુજને છોડી એકલી રે ! તું ગયો તો ક્યાં. અરે.
બીડો માટે રીસ કરીને છોડી આ જગ્યા;
દયા ન આવી દીલમાં તારા છોડી જાતાં ત્યાં. અરે

(ચિત્ર છાતી સાથે દાબેછે.)

चित्रलेहा— રાગ ઉપર પ્રમાણે.
અરે મારી પ્રીય બેની ચિત્ર છે રે આ
ચિત્ર છે રે આ રે બેની ચિત્ર છે રે આ
પરમ પ્રિયપતી તારો છે દુવારીકાં—અરે.
પ્રદુમનનો સુત છે એતો જાદવ કુળનો રાય;
બેની આજ્ઞા હોય તારી તો દાસી લેવા જાય.—અરે.

ओखा— ગોરી ચલી સાસરે.
બેની જલદી આવજે લઇને પીયુ મારા,
હું ઝુરી ઝુરીને મરીશ વિના તારા.
બેની ઘડી એક તુજ વિના અહીંજ જાશે,
તે મારે મન તો વર્ષશોજ જણાશે.

કરૂં હાથ જોડીને અરજ બેની તારી,
અતી યત્ને લાવજે પીયુને સંભાળી.

चित्रलेहा—(જતાં જતાં.) રાગ ઈન્દ્રસભા.
અરે મારી બેની તુજને કરૂં હું પ્રણામ.
પતી તારો લઈ કરીને આવું હું આ ઠામ.

પ્રવેશ ૫ મો. ગોમતીનો કીનારો.

કેટલીક સ્ત્રીઓ પાણીના બેડાં લઇ આવીને ગાય છે.

स्त्रीओ—ગરબી. જાની ભુદર રંગ રસીલા—(એ રાગ.)
આવો બેની ગીત ગાઇએ આજ પ્રીતેરે,
ગાઈએ આનંદ ઉપજે એ રીતે—આવો.
શુભ ઓછવનો દીન આજેરે, તેથી વાજીંત્ર રૂડા વાજેરે;
દીસે ગગન મંડળ જેમ ગાજે.—આવો.
આપો તાળી અતી ઉમંગેરે. જેથી રાગ ચડે પુર રંગેરે;
તો તો આનંદ માશે ન અંગે—આવો.
ઓચ્છવ વસંત તણો છે સુંદરરે. ખીલ્યાં ફુલ રૂડાં બાગ અંદરરે;
તેથી સુગંધીમય થઇ રહ્યા મંદિર.—આવો.
પુન્ય ફળ્યાં છે આપણના પુરવનારે, તેથી જન્મ પામ્યા દ્વારીકામાંરે;
રૂડાં દર્શન થાય ગોમતીના.—આવો

(સ્ત્રીઓ જાય છે, ચીત્રલેહા પ્રવેશ કરે છે.)

चित्रलेहा— ઈન્દ્રસભા.
આવી પુગી ગોમતી સુધી જાવું દ્વારકા માંય,
ચોકી સુદરશન તણી છે કેમ હવે જવાય.

(ચિત્રલેહા આગળ ચાલવા માંડે છે તેવામાં સુદર્શન ચક્ર એકાએક તેનું માથું કાપવા જાય છે તેવામાં નારદજી અંતરીક્ષથી આવીને કહે છે.)

नारद— શ્લોક

સાંભળ સુદરશન મર્મ એ તણો. ઇચ્છા છે એ ઈશ્વરી;
આવી છે હરણ કરવા, અનીરૂધનું જવા દેજે સુખે કરી.

(ચિત્રલેહાને કહે છે.)

રાગ ઈન્દ્રસભા.

લઇ જજે અનીરૂધને નહી નડે વીઘન,
ઇચ્છા પુરણ તુજ થશે એવું છે મુજ વચન.

(નારદ અંતરધ્યાન થઇ જાય છે ચિત્રલેહા જાય છે.)

પ્રવેશ ૬ ઠો. ઓખાનો મેહેલ.

ओखा— (એકલી ગાય છે.)

બદલ ગયો નેનારે—(એ રાગ.)

રીસાઇ ગયા પ્યારારે, રીસાઈ ગયા પ્યારારે;
કેમ જીવાયરે, રીસાઇ ગયા પ્યારારે—

સાખી—તાગ હોય તો તોડીએરે, પ્રીત ન તોડી જાય;
કાગળ હોય તો વાંચીએરે, કરમ ન વાંચ્યું જાયરે.—રી.

સાખી—કુવો હોય તો તાગીએરે, સમુદ્ર તાગ્યા ન જાય;
ખેતર હોય તો ખેડીએરે, ડુંગર ખેડયા ન જાયરે.—રી.

સાખી—પાંખ હોય તો ઉડીએરે, મનુષ્યથી કેમ ઉડાય;
પાસે હોય તો મનાવીએરે, છેટેથી કેમ મનાવાયરે.—રીસાઈ

चित्रलेहा—(હાથમાં હીંડોળો લઇ પ્રવેશ કરે છે.)

વલણ.

થા એની હુશીઆર હવે, થઈ ઈચ્છા પુરણ તુજ તણી;
જગાડ તું તુજ સ્વામીને ન રીસાય તે યત્ને કરી.

ओखा— (હીંડોળા પાસે આવીને.)

રાગ ઈન્દ્રસભા.

એજ મારો અનીરૂધ છે, પ્રાણ તણો આધાર;
હરી લાવી તું યત્નથી, માનું તારો ઉપકાર.
(અનીરૂધને જગાડે છે.)

મત બીછરો સાજન હમશે.—(એ રાગ.)

પીયુ બોલો હસીને અમથી,—એ વાર.
પ્રીત લાગી છે મારી તમથી.—પીયુ.
એવી શું નિદ્રા આવે પીયુ તમને,
જીવ બળે મારો ગમથી.—પીયુ.
અમે વાસી છઇએ હીયાંના, તમે દુરના પંથી;
થઇ હુશીયારને ઉઠો જાળવી મળો પ્રીત પરમ થી–પીયુ

अनीरूध— (જાગૃત થતાં.)

રાગ ઈન્દ્રસભા.

સ્વપ્ન છે કે ખરેખરૂં, નથી જણાતું આ;
મેહેલ મારો દીસતો નથી, આવ્યો છું હું ક્યાં;
ઘેરથી મારૂં હરણ કરી, કોણે કીધો કલેશ,
સ્ત્રીઓ આ કોણ છે કંઇ દીશે બાળે વેશ.

બોલ વેલી બોલ જલદી, મર્મ તું ઉઘાડ;
વાર લગાડીશ તું હવે તો, કરીશ તુજને પ્રહાર.
(તરવાર ઉગામે છે.)

ओखा—પરમ પ્રીય પતી મારા, એવડી શીદને રીશ;
મારવી હોય તો મારો મુજને, આ રહ્યું મારૂં શીશ.
(મસ્તક ધરે છે.)

चित्रलेहा— ગઝલ.
એ બાણાસુરની છે બાળા, નામ એનુંજ છે ઓખા;
વરી ગયો તો તું સ્વપ્નામાં, હવે છોડીને જાશે કયાં,

अनीरुध—મુકાવ્યું ગામને સજન, પીતા એનો છે અસુરજન
વરૂં સાથે હું એની કેમ, છઊં જાદવ કુળનો તન.

ओखा—મરમ જાણું છું હું એના, કુળ કેવા છે જાદવના;
વીચારીનેજ બોલો ધ્યાં, કેવાં છે કામ પીતામહના.
રીછ સુતા ને કુબજા નાર, તે થકી હું નથી ઉતાર;
વાત પ્રદુમનની સંભાર, રાખું છું લાજ હું આ વાર.
(ફરી ઉભે છે.)

अनीरुध—એવાં શીદને દીઓ મેણાં, રીશ મુજને ચઢીતી ધ્યાં;
ફરીને શું જુવો છો ત્યાં, આવો જલદી તમે તો ધ્યાં.
(તેની પાસે જવા માંડે છે.)

ओखा—(તેને ભેટીને) બેદાદ મુજે યાદ હુયે.—(એ રાગ.)
જુદાઈ મને યાદ છે અનીરૂધ તમારી,
કદી ન છોડું તમને હવે રાખું સંભાળી.—જુદાઇ.
બેની ચિત્રલેહા તારી હું છું ઉપકારી;
કેવી રીતે તુજને મુકું બાઈ વીસારી.—જુદાઇ.

ચાલો મહેલમાં કરીએ હવે લગ્નની તૈયારી;
કદી ન છોડું તમને હવે રાખું સંભાળી. (જાય છે.)

(સીપાઇઓ મેહેલની નીચે ચોકી કરતા હતા તેઓ અવાજ સાંભળીને.)

१ लो चोकीवालो— બેત.

ઉઠ ભાઇ ઉઠ વેહેલો જલદી થા હુશીયાર,
આવે છે અવાજ મુજને માણસનો આ ઠાર.
રહી હુશીઆર ને ચોકી કરજે હીયાં તું,
રાય બાણાસુરને જઇને ચેતાવું છું હું.

(ચોકીવાલો જાય છે તેની સાથે સેન સહિત કોભાંડ આવેછે.)

कौभांड— (મેહેલ તરફ જોઇને.)

બેત.

અરે ચોર ઓ જંબુક તું સંતાઈ પેઠો ક્યાં,
બતાવ તારૂં જોર નીચે આવીને હ્યાં.
કોણ છે તું જાતનો કોણ તારો તાત,
બચાવ તારો તો થશે જો કહીશ સાચી વાત.

अनीरूध—જમાઇ બાણાસુર તણો અનીરૂધ મારૂં નામ;
આયુધ હત જો મુજકને તો પુરત તારી હામ.

कौभांड—જમ તારી વાટ જુવેછે પડી છે તુજમાં ચુક;
સીંહ હોય તો ઉતર નીચે દીસે છે જંબુક.

अनीरूध—અરે અસુર ચંડાળ તું બકે છે શું એ વાત;
વદ વિચારી વાણી નહી તો થસે તારી ઘાત.

દઉ બતાવી પ્રાક્રમ મારૂં થા હવે હુશીઆર;
આ ભોગળે કરી, હું પોહોચાડી દઈશ જમદ્વાર.
(ભોગળ કાહાડી સૈન્ય વચે પડવા જાય છે.)

ओखा— (તેને અટકાવીને.)

રાગ ઈન્દ્રસભા.

નહી નહી નહી પીયુ જાવા દઈશ નહી;
પ્રથમ મારો મુજને પછી જાઓ લડવા તહીં.

अनीरुध—જવા દીઓ પ્રીયા મુજને લડવાનું છે મન;
હું ક્ષત્રી થઈને સહન એવાં કેમ કરૂં વચન.

(ઓખાનો હાથ તરછોડીને સૈન્યમાં પડી કેટલાકને મારી નાખેછે તથા પ્રધાનસહિત કેટલાંક નાશી જાયછે અને અનીરૂધ એકલો ઉભેલોછે.)

ओखा—(તેને જોઇને.)

નામ જાણેકા ન લ્યો યાર—(એ રાગ.)

મને તો બીક લાગે છે પીયુજી તારી;
માંટે જલદી આવ દોડી તું આગળ મારી.—મને.
પીતા મારો થયો એવો દુશમન ન થાએ તેવો;
તેથી કહુંછું પ્યારા તુજને વારી વારી.—મને.

अनीरुध—ધીરી થાને શીદને બીહે છે તું પ્રીયા મારી;
વારે જલદી આવશે જદુપતી અમારી—ધીરી.
આવશે સેના જ્યારે ભારી જાદવની હીયાં;
ભુજાનું જોર વધ્યું છે તે એ દેશે ઉતારી.—ધીરી.

પ્રવેશ ૭ મો. રસ્તો.

बाणासुरसाहित लश्कर गातुं गातुं जाय छे.

लश्कर—ગઝલ. લાલે રૂખ્યેશાનમબરા—(એ રાગ.)

ચાલો ચાલો ચાલો આજ, સૌપર જીત મેલવવા કાજ;
જીત મેલવીએ આજને આજ. થાય દુનીયામાં આપણું રાજ.
ખડગ ધનુષ લઇ થાઓ હુશીયાર, દુશમનથી લડવા તૈયાર;
મારી કાપીને કરીએ ઠાર, રાજી રેહેસે આપણો સરદાર.—ચાલો.

પ્રવેશ ૮ મો. ઓખાનું માળીયું.

बाणासुर— (અનીરૂધને જોઇને.)

બેત.

દીસે છે આ કેવો સુંદર સ્વરૂપે જાણે કામ;
લાંછન લાગે કુળને નહી તો દેત કન્યા દાન.

अनीरुध—કન્યા દાન મળી ચુક્યું શું રાખે અભીમાન;
મળવા કારણ તુજને આવશે હમણા જાન.

बाणासुर—અણસમજુ બકેછ શું તું આવ્યો તારો કાળ;
આ એક બાણમાં તારા કરીશ હાલ હહાલ.

(બાણ ચઢાવે છે.)

अनीरुध—ખબર નથી તુજને તેથી કરે છે બકબકાટ;
ગરવ તારો કરૂં પુરો જોજે મારો હાથ.

(બાણાસુરના લસ્કરમાં કુદી કેટલાંકનો નાશ કરેછે.
તે જોઇને બાણાસુર નાગપાશથી બાંધી લેછે.)

ओखा— આહા પુરી ખીલી ચંદા—(એ રાગ.)

જગતનારે પ્રભુ પ્યારા, સહાય થા દાસને તારા—જગતનારે.
પડે છે દુખ બહુ ભારી, તેથી તેને લે ઉગારી.—જગતનારે.
નાગપાશેથી છે બાંધ્યાં, હસે દુખતા એના સાંધા.—જગતનારે
અરે તું વિશ્વપાલણહાર, પૌત્ર તારાની લે સંભાળ —જગતનારે.

(તેવામાં ગરૂડપર બેઠેલા શ્રીકૃષ્ણ જાદવસહિત અંતરીક્ષથી આવેછે.)

कृष्ण— (બાણાસુરને કહે છે.)

બેત.

બાળક સામે દુષ્ટ અરે શું કરે છે પ્રહાર;
લડવું હોય જો તારે તો થા હવે તઇયાર.

बाणासुर—પર પુત્રીની ચોરી કરે એવો તુજ કુમાર;
વારવો નહી તેહને પણ ઉલટો લાવ્યો વાર.

कृष्ण—વાર લાવ્યા નથી અમે જાન છે નિરધાર;
આવ્યા છઇએ પુત્રવહુને તેડવા આ વાર.

बाणासुर—જાન લઇને ભલે આવ્યા કીધું રૂડું કાજ;
પેહેરામણીમાં દઉ હું તમને જમપુરીનું રાજ.

(બાણનો માર ચલાવે છે.

कृष्ण—દુષ્ટ એવા વચન તું બકેછ શું આ વાર;
સહન કરવા બાણ મારા થા હવે તઇયાર.

(તરવાર લઇને સૈન્યનો નાશ કરી બાણાસુરના ચાર હાથ રાખી બાકીના કાપી નાખે છે તેથી બાણાસુર મૂર્છા ખાઇ પડે છે અને થોડીવાર હુશીયાર થઇ મહાદેવની પ્રાર્થના કરે છે તેવામાં મહાદેવ પ્રવેશ કરે છે.)

महादेव— (બાણાસુરને.)

બેત.

બોલ વેહેલો દાસ તારૂં કેમ થયું આવું મુખ,
સંભાર્યો શું કામ મુજને શું છે તારે દુઃખ.

बाणासुर——અહો ભોળા ઈશ કરો મુજતણી સંભાળ;
આ અહીરપતીએ આવા કીધા મારા હાલ.

महादेव——(કૃષ્ણને) ગોર ખાધા બીલડી તણા એજ તારી જાત,
શરમનાવી તુજને કાપતા મુજ સેવકના હાથ.

(કૃષ્ણ સાથે લડે છે તેવામાં બ્રહ્મા અંતરીક્ષથી બંનેની વચ્ચે આવી પ્રાર્થના કરે છે.)

ब्रह्मा—— રાગ કેદારો.

બેઉને—પ્રભુ ક્રોધ સમાવો ત્યાંયરે—નમો નમો.
હું તો લાગું બેહુને પાયરે—નમો નમો.
કૃષ્ણને—છો ત્રીભુવનના તમો તાતરે—નમો નમો.
મહાદેવને—કા આરંભ્યો ઉતપાતરે—નમો નમો.
કૃષ્ણને—તમો બહુ સામાના સંજોગીરે—નમો નમો.
મહાદેવને—ખરે બીલડીના તમે ભોગીરે—નમો નમો.
કૃષ્ણને—ઓ નિર્દય મામાના મારણરે—નમો નમો.
મહાદેવને—ઓ સસરાના સંહારણરે—નમો નમો.
કૃષ્ણને—પ્રભુ ઉતારીએ હવે ચાપરે—નમો નમો.
મહાદેવને—ભોળા ત્રીશુળ મુકીએ આપરે—નમો નમો.

(બંનેના હથીઆર મુકાવી ભેટાવે છે બંનેને મળેલ જોઈ બાણાસુર પાસે જઈ બંનેને નમેછે અને બ્રહ્મા, ઓખા તથા અનીરૂધનો હસ્તમેળાપ કરાવે છે.)

બળાદુર—(એક સેવકને.) બેત.

સેવક વેહેલો દોડ કળાવંતનીને બોલાવ.
ગાયન એક સુંદર આજની ખુશીમાં ગવરાવ.
(સેવક જઇને કળાવંતનીને તેડી લાવે છે.)

कळावंतनी— રાગ લાવણી.

છુટીરે દુખથી થઇ સુખણી ઓખાબાઇ આ વાર
અરે હાં ઓખાબાઇ આ વાર
સઉપર સહાય થયા કીરતાર,
લગ્ન કરશે ભોળો શંભુ સાથે કામ કુમાર;
અરે હાં સાથે કામ કુમાર
સઉપર સહાય થયા કીરતાર,
કરે મંડળી હરીશ્ચન્દ્રની અર્જ સઉને આ વાર,
અરે હાં અર્જ સઉને આ વાર,
માને છે સર્વેનો ઉપકાર.

कळावंतनी— રાગ હોરી.

ઓખાને સહાય થયા છે, પ્રભુજી ભલા આ વાર—ટેક:
દુખડું દબાયુંને સુખડુંરે ખીલ્યું, જીત પામીને અંતે પ્યાર;
શંભુજી સરખા પીતા છે જેનાં, મહીમાનો નહી પાર—ઓખા
બ્રહ્માએ સ્તુતિ કરીને ભેટાવ્યા, ભોળા સાથે વિશ્વાધાર;
બાણસુરને નિર્ભય થાપી, સજીવ કીધા લડનાર.—ઓખા.
કરરે જોડીને કરે છે દામોદર, અરજ સઉને આ વાર;
કરવી ક્ષમા છે પ્રથમજ પેહેલું, ભુલ ને ચુક લગાર,—ઓખા.

તે શિવાય આહારમાં વાપરવાની ચાહ, કાફી, સાબુચોખા, તાપીઓકા, આરારૂટ, કોરન ફ્લાવર, કોકો, મુરબ્બા, મીણબત્તી, સાબુ, શીગાર, ચીરૂટ, અમેરીકન તંબાકુ, બરડ્સાઈ, હરકીસ તંબાકુ, ઇત્યાદિ દરેક જાતનો માલ ખાત્રી ભરેલો સસ્તે ભાવે મળશે, જે એકવાર લઈ જવાથીજ ખાત્રી થશે. શીવાય અમારે ત્યાં તયાર થતી વરેહવાર તરફી તંબાકુની શીગારેટ (કાગળની બીડીઓ) સો સોના બાક્સ નીચે લખેલા ભાવે મળશે.

ફીશાભીકિવક શીગારેટસ (કાગળની બીડીઓ) ...	૩	૦
હેલન	૨	૮
પ્રીન્સ ઓફ વેલ્સ	૨	૦
વીકટોરીયા...	૧	૮
સુલતાન	૧	૪
બારોડા	૧	૦

ઉપર જણાવેલો માલ વેપાર માટે જથાબંધ ખરીદ કરનારને ઘણોજ કીફાયત ભાવે મળશે. બાહેરગામના આરડર ઉપર તરત ધીયાન આપવામાં આવશે. તેમજ વેપારને બરનો બાજે કુંપની માલ અમારી મારફતે મંગાવનાર પાસથી બે ટકા કમીશન લેવામ આવશે. માટે કોઈબી માલને લગતો ભાવ મંગાવવો હોય તો પો રટપેડ કાગળ નીચે લખેલે ઠેકાણે લખી વાળજો.

દામોદર રતનશી,

શીગાર અને હિંદુસ્થાની ચાહ વેચનાર.

કાલબાદેવીને રસ્તે મહાજનવાડી પાસે નં. ૨૦૧, મુંબઈ.

આ ચોપડીઓ નીચે લખેલ ઠેકાણેથી મળશે.

સચિત્ર નાટક સંગ્રહ	૨	૦	૮
ગોપીચંદ નાટક	૦	૮	૦
પ્રેમસેન રસિકા નાટક	૦	૬	૦
સીતાહરણ નાટક	૦	૮	૦
વિરસિંહ ચંદ્રિકા નાટક	૦	૬	૦
[illegible] નાટક	૦	૪	૬
શીરીન ફરહાદનો ઓપેરા	૦	૪	૦
ખપ્પરદે આકુલ યાને ફરેબે સેતાન	૦	૩	૦
નારાયણરાવ પેશવાનો ગાયનરૂપી ખેલ ...	૦	૩	૦
ચિત્રસ્વયંવર નાટક	૦	૩	૦
સદેવંત સાવળીંગાનો ઉર્દૂ ઓપેરા	૦	૨	૦
ગુલબહારે ગુલફરેશા	૦	૨	૦
પ્રેમસેન રસિકા નાટકનાં ગાયનો.	૦	૧	૦
વિરસિંહ ચંદ્રિકાનાં ગાયનો	૦	૧	૦
સીતાહરણનો ગાયનરૂપી ઓપેરા	૦	૧	૦
રુક્મણીહરણનો ઓપેરા	૦	૧	૦
પારવતી નાટકનાં ગાયનો	૦	૧	૦
મદાલસાનો ઓપેરા	૦	૧	૦
કરણઘેલો, નાટકનાં ગાયનો	૦	૧	૦

કચ્છમાંડવી—નાગોરી ચાંપશી પ્રેમરાજ પોરબંદર.

ભાવનગરમાં—શા. પાનાચંદ તેજ સુંદરજીની દુકાનેથી.

દેશાવરથી વેચવા માટે મંગાવનારને પોણાભાવે મળશે.

દામોદર રતનસી, ઠાકરદ્વારે, ના. ૨૭, મુંબઈ.